eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 160
September 12, 2008

## "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" યાત્રા સંદર્ભમાં તા. ૦૧–૦૯–૨૦૦૮ થી તા. ૦૫–૦૯–૨૦૦૮ દરમિયાન યોજાયેલ વિવિધ સ્પર્ધાઓ તથા સ્પર્ધાઓમાં વિજેતા સ્પર્ધકોની વિગત

ચિત્રકામ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, નિંબધ સ્પર્ધા, તંદુરસ્ત બાળ સ્પર્ધા, રંગોળી હરિફાઈ
રકતદાન શિબીર
વિના મૂલ્યે રોગનિદાન કેમ્પ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" ના કાર્યક્રમ અંતર્ગત સાંજે ૭.૦૦ કલાકે પારસ પોલીસ ચોકી પાસે આવેલ શાળા ક્રમાંક ૧૧૩ થી ૧૧૬ ખાતે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ



ગુજરાત રાજયની સ્થાપનાના સુવર્ણ જયંતિ પ્રસંગે ગુજરાતને વિશ્વમાં શ્રેષ્ઠતમ સ્થાને પહોંચાડવાના ભવ્ય સંકલ્પ સાથે મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે અમરેલીથી તા. ૦૧–૦૫–૨૦૦૮ ના રોજ "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" નું પ્રસ્થાન કરાવવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોનની (કતારગામ) ની કામગીરી

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં, તા. ૦૮/૦૯/૨૦૦૮ નાં રોજ શહેર વિકાસ ખાતા/ દબાણ ખાતા ધ્વારા થયેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ વેસ્ટ(અઠવા) ઝોનની કામગીરી

સાઉથ–વેસ્ટ(અઠવા) ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ નવા વિસ્તારો પૈકી ડુમસ ખાતે આવેલ વી.કે ફાર્મ પૈકીના સબ પ્લોટ નંબર : ૧૩ અજીતસિંગ તોતારામ જુનેજાએ સુરત મહાનગરપાલિકાની કોઈ પણ પ્રકારની પરવાનગી લીધા વગર માર્જીનવાળા ભાગમાં આશરે ૭૦૦ ચો.ફુટ માપમાં આર.સી.સી.ના બીમ, કોલમ તેમજ ચણતર દિવાલ લઈ પાકું બંગલાનું બાંધકામ કરવાના ઈરાદે લીટલ લેવલ સુધીનું બાંધકામ કરેલ. સાઉથ– વેસ્ટ (અઠવા) ઝોન તરફથી સદરહુ બાંધકામ બંધ કરવા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સ્મીમેર હોસ્પિટલની ફેબ્રુઆરી માસની કામગીરી

સ્મીમેર હોસ્પિટલમાં ઓગષ્ટ માસ દરમ્યાન ૧૪૩૨૩ ઈન્ડોર તથા ૩૯૭૭૨ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૬૨૪ તથા ૪૮૬ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૫૮૫૪ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## આકારણી અંગે

સુરત મહાનગરપાલિકા ધ્વારા ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન એટલે કે તા.૧/૪/૨૦૦૮ થી એરિયા બેઈઝડ આકારણીની પધ્ધતિ દાખલ કરવામાં આવી છે. જે બાબતે શહેરીજનોમાં દ્વિધા જણાયેલ છે. જેથી નાગરિકોને સ્પષ્ટતા કરવા માટે નીચે મુજબની વિગતો રજુ કરવામાં આવે છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા મચ્છરજન્ય રોગો વિષયક નિબંધ સ્પર્ધા, કવીઝ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન

સરકારશ્રી દ્વારા આ વર્ષે જુન માસને "મેલેરીયા વિરોધી માસ" તરીકે ઉજવવા નકકી કરેલ હોય, સુરત મહાનગરપાલિકા દ્વારા સદર ઝુંબેશને સફળ બનાવવા વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો કરવામાં આવેલ હતા. આજનો વિદ્યાર્થી આવતી કાલનું ભવિષ્ય હોય, મચ્છરજન્ય રોગ નિયંત્રણ કામગીરીમાં તેઓને સહભાગી બનાવવા શહેરની ખાનગી અને નગર પ્રાથમિકની કુલ ૧૧૯ સ્કૂલો મળી ૧૨૩૭ વિદ્યાર્થીઓના સહયોગથી સુરત મહાનગરપાલિકા દ્વારા મચ્છરજન્ય રોગો વિષયક નિબંધ સ્પર્ધા, કવીઝ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધા રાખવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" યાત્રા સંદર્ભમાં તા. ૦૧–૦૯–૨૦૦૮ થી તા. ૦૫–૦૯–૨૦૦૮ દરમિયાન યોજાયેલ વિવિધ સ્પર્ધાઓ તથા સ્પર્ધાઓમાં વિજેતા સ્પર્ધકોની વિગત

**૧.ચિત્રકામ સ્પર્ધાઃ– તા.૦૧/૦૯/૨૦૦૮ ધોરણ –૪**

| વિજેતા ક્રમ | વિજેતાના નામ | શાળા | સ્પર્ધકોની સંખ્યા |
|---|---|---|---|
| પ્રથમ | હેતલ કરશનભાઈ પ્રજાપતિ | ન.પ્રા.શાળા ક્રમાંક–૧૧૫ | ૭૦ |
| દ્વિતીય | રાહુલ શૈલેશભાઈ કાનાણી | એન.પી.ભગત. પ્રા.શા. | |
| તૃતીય | પૂજા ગોવિંદભાઈ મોરી | ન.પ્રા.શાળા ક્રમાંક–૧૧૫ | |

**ધોરણ –૫**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | ભૂમિકા રમેશભાઈ તારપરા | ન.પ્રા.શાળા ક્રમાંક–૧૧૬ | ૯૧ |
| દ્વિતીય | નિશા અશોકભાઈ દેસાઈ | કસ્તુરબા વિદ્યાભવન | |
| તૃતીય | અરૂણા પ્રવિણભાઈ પાંડવ | ન.પ્રા.શાળા ક્રમાંક–૧૧૫ | |

**૨.વકતૃત્વ સ્પર્ધાઃ– તા.૦૨/૦૯/૨૦૦૮ ધોરણ –૬**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | કેતા કિરીટભાઈ કંસાગરા | વિવેક વિદ્યાલય | ૨૭ |
| દ્વિતીય | હરેશ અમીરામભાઈ સાધુ | ન.પ્રા.શાળા ક્રમાંક–૧૧૩ | |
| તૃતીય | અંજના હરેશભાઈ બારૈયા | ન.પ્રા.શાળા ક્રમાંક–૧૧૫ | |

**ધોરણ –૭**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | વૈશાલી હંસરાજભાઈ પાઘડાર | ન.પ્રા.શાળા ક્રમાંક–૧૧૬ | |
| દ્વિતીય | ચિરાગ સુરેશભાઈ મેઘાણીયા | એન.પી.ભગત. પ્રા.શા. | |
| તૃતીય | કાજલ ધીરૂભાઈ ભીલ | ન.પ્રા.શાળા ક્રમાંક–૧૧૬ | ૩૪ |

**૩.નિંબધ સ્પર્ધાઃ– તા.૦૨/૦૯/૨૦૦૮ ધોરણ –૮**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | અક્ષય રતીલાલ દેવગણિયા | ભગવતી વિદ્યાલય | |
| દ્વિતીય | ક્રિષ્ના એચ. મોણપરા | વિનય વિદ્યામંદિર | |
| તૃતીય | સ્વાતી એસ. પટેલ | વિનય વિદ્યામંદિર | ૧૦ |

**ધોરણ –૯**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | ધવલ ધીરજલાલ પ્રજાપતિ | કસ્તુરબા વિદ્યાલય | |
| દ્વિતીય | ગોપાલ દિલીપભાઈ તલસાણીયા | કસ્તુરબા વિદ્યાલય | |
| તૃતીય | નિકુંજ વિનોદભાઈ કાંજીયા | ગાયત્રી વિદ્યાલય | ૨૬ |

**Continue ...**

ધોરણ –૧૦

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ** | ધર્મેશ સુરેશભાઈ જોટાણિયા | પી.એમ. ભગત હાઈસ્કુલ | |
| **દ્વિતીય** | સાગર ભનુભાઈ પટોળિયા | પી.એમ. ભગત હાઈસ્કુલ | |
| **તૃતીય** | પરાગ નટવરલાલ પરમાર | પ્રજ્ઞા વિદ્યાલય | ૨૭ |

**૪.તંદુરસ્ત બાળ સ્પર્ધાઃ– તા.૦૪/૦૯/૨૦૦૮ ૦ થી ૧ વર્ષ**

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ** | ધાર્મિક રમેશભાઈ રાવલ | ૨૧૬, અંબિકા નગર–૨ | |
| **દ્વિતીય** | રૂદ્ર વિજયભાઈ ડુંગરાભી | એ/૯૨, કુબેરનગર | ૩૪ |
| **તૃતીય** | ધાર્મિકભાઈ ભરતભાઈ રાખોલીયા | ગાયત્રી વિભાગ–૫ | |

**૧ થી ૩ વર્ષ**

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ** | જય શૈલેષભાઈ પીપલીયા | એ/૬૯, પારસ સોસા. | |
| **દ્વિતીય** | યશ રાજેશભાઈ રાવલ | ૧૮૮, અંબિકા નગર–૨ | ૪૫ |
| **તૃતીય** | દિયા બિપીનભાઈ લુખી | ૨૬, નરસિંહ સોસા. | |

**૫.રંગોળી હરિફાઈઃ– તા.૦૪/૦૯/૨૦૦૮ શાળા**

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ** | વી.એન.ગોધાણી કન્યા વિદ્યાલય | ગ્રીન લાઈન્સ, કતારગામ | |
| **દ્વિતીય** | શ્રી યોગી પ્રવૃતિ વિદ્યાલય, કતારગામ. | આંબાતલાવડી, કતારગામ | ૦૮ |
| **તૃતીય** | શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ વિદ્યાલય, | વેડ રોડ, કતારગામ, સુરત. | |

**સંસ્થા**

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ** | આશા ચુનિલાલ ચોવટીયા | | |
| **દ્વિતીય** | શિલ્પાબેન જયેશભાઈ સોલંકી | | ૧૦ |
| **તૃતીય** | સ્વાતિબેન દિનેશકુમાર પંચોલી | | |

**<u>રકતદાન શિબીર</u>**

સુરત મહાનગરપાલિકા તથા કમળયુથ કલબ કતારગામના સહયોગથી તા. ૦૪–૦૯–૨૦૦૮ના રોજ સાંજે ૭.૩૦ કલાકે શાળા ક્રમાંક ૧૧૩ થી ૧૧૬ પારસ પોલીસ ચોકી પાસે " રકતદાન શિબીર " યોજવામાં આવ્યો હતો. જેમાં ૮૪ યુનિટ રકત આપી,કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

**<u>વિના મૂલ્યે રોગનિદાન કેમ્પ</u>**

તા. ૦૫–૦૯–૨૦૦૮ નારોજ સવારે ૮.૩૦ કલાકે સમસ્ત વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિની વાડી, અંબિકાનગર રોડ,ગાયત્રી સોસાયટી સામે,કતારગામ ખાતે વિનામૂલ્યે રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે જેનો ૮૧૩ જેટલા વ્યકિતઓ ભાલ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" ના કાર્યક્રમ અંતર્ગત સાંજે ૭.૦૦ કલાકે પારસ પોલીસ ચોકી પાસે આવેલ શાળા ક્રમાંક ૧૧૩ થી ૧૧૬ ખાતે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ




ગુજરાત રાજયની સ્થાપનાના સુવર્ણ જયંતિ પ્રસંગે ગુજરાતને વિશ્વમાં શ્રેષ્ઠતમ સ્થાને પહોંચાડવાના ભવ્ય સંકલ્પ સાથે મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે અમરેલીથી તા. ૦૧–૦૫–૨૦૦૮ ના રોજ "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" નું પ્રસ્થાન કરાવવામાં આવેલ. આ રથનું સુરત શહેર ઉત્તર વિભાગમાં આજરોજ તા.૦૫–૦૯–૨૦૦૯ ના સવારે ૯–૦૦ કલાકે કતારગામ દરવાજા ખાતે આગમન થયેલ. કતારગામ દરવાજા ખાતે મા. મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ, પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબત, અને મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા ના વરદ હસ્તે શાસ્ત્રોકત વિધિ અનુસાર આ રથનું પૂજન કરી, નિર્ધારિત રૂટ મુજબ શહેરના ઉતર ભાગના વિવિધ વિસ્તારોમાં પ્રયાણ કર્યુ હતું. તથા સ્ટેજ પર મા. મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે રાજર રહેલ સૌને સંકલ્પ લેવડાવ્યા હતા તથા રૂટ દરમિયાન વિવિધ મહાનુભાવો તથા જાહેર જનતાએ રથનું સ્વાગત કરી સંકલ્પ લેવડાવ્યા હતા.

"સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ"ના કાર્યક્રમ અંતર્ગત સાંજે ૭.૦૦ કલાકે પારસ પોલીસ ચોકી પાસે આવેલ શાળા ક્રમાંક ૧૧૩ થી ૧૧૬ ખાતે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરી મંચસ્થ મહાનુભાવો ધ્વારા દીપ પ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી.

સ્વાગત પ્રવચન કરતા મા. ડે.મેયરશ્રીમતી કૌશિકાબેન દેસાઈએ મંચસ્થ મહાનુભાવો તથા ઉપસ્થિત જાહેર જનતાનું સ્વાગત કરતા જણાવ્યું હતું. કેસુરત શહેરે ઔદ્યોગિક, શૈક્ષણિક, સામાજિક, આરોગ્ય અને પ્રવાસન ક્ષેત્રે ઉડીને આંખે વળગે તેવી નોંધપાત્ર સિધ્ધિ હાંસલ કરી છે. પરંતુ આ સફળતા પડાવ નથી, વિરામ નથી, દરેક સિધ્ધિ આગળની નવીન કૂચ માટેનું પ્રેરકબળ છે, વધુ શ્રેષ્ઠ બનવાના નકકર અભિગમ માટેનું એક કારણ છે. આ શ્રેષ્ઠતાના શિખર ભણીના પ્રયાણમાં સમગ્ર જનતાને ભાગીદાર બનાવવાનો ગુજરાત રાજયે આયોજન કરેલ છે. લોક ભાગીદારી દ્વારા પ્રજાજનોને સ્પર્શતા શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ અને તમામ ક્ષેત્રમાં વિકાસની પ્રક્રિયા અવિરત ચાલુ રહે તેવુ આયોજન હાથ ધરી પ્રજાજનોને તમામ સુવિધાઓ – સવલતોની પ્રાપ્તિ થાય તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે.




"સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" ના આગમનને અનુલક્ષી સરકારશ્રીએ તા. ૦૧–૦૯–૨૦૦૮ થી તા. ૦૫–૦૯–૨૦૦૮ દરમ્યાન સુરત મહાનગરપાલિકા ધ્વારા સરકારશ્રીએ સદર સુવર્ણ જયંતીને અનુલક્ષીને સૂચવેલ વિષય વસ્તુ મુજબના વિષયો ઉપર નિંબધ, ચિત્ર, વકતૃત્વ તથા બાળ નિરોગી વર્ષને અનુલક્ષીને તંદુરસ્ત સ્પર્ધાઓ, વૃક્ષા રોપણ કાર્યક્રમ, વિનામૂલ્યે રોગ નિદાન કેમ્પ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવેલ છે. વિવિધ સ્પર્ધાઓમાં કુલ ૩૮૨ હરિફોએ ભાગ લઈ રાજયના વિકાસના સંકલ્પમાં પોતાનું યોગદાન પ્રદાન કરેલ છે. આ ઉપરાંત શહેરની આમ જનતા, વેપારીઓ, ડોકટરો, ગૃહિણીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ વગેરે સમાજના તમામ વર્ગોએ સંકલ્પ પત્રો ભરી રાજયના વિકાસમાં જનભાગીદારીનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરૂં પાડેલ છે.

**Continue ...**

સ્વાગત પ્રવચન બાદ મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યા બાદ મા. મંત્રીશ્રી મંગુભાઈ પટેલના વરદ હસ્તે પીઢ ગાંધીવાદી,વયોવૃધ્ધ આગેવાનશ્રી ભગવાનભાઈ પી.જીકાદ્રાનું શાલ ઓઢાડી પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવેલ ત્યાર બાદ વિવિધ સ્પર્ધા, પ્રથમ ત્રણ નંબરે આવેલ સ્પર્ધકોને ઈનામ વિતરણ મહાનુભાવો ધ્વારા કરવામાં આવ્યું હતું.



મા. મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે પોતાના પ્રાસંગિક પ્રવચન કરતા જણાવ્યું હતું કે ગુજરાત રાજયની સ્થાપનાને સને ૨૦૧૦માં ૫૦ વર્ષ પુર્ણ થશે. રાજયની સ્થાપના બાદ વિકાસનો સિલસિલો યથાવત રહયો છે. સુવર્ણ જયંતીના વર્ષ અગાઉ રાજયની જનતાને વિકાસની માહિતી મળી રહે તથા વિકાસમાં અવિરત આગેકૂચ જારી રહે તે માટે લક્ષ્યાંકો નકકી કરવામાં આવ્યા છે. રાજયના વિકાસમાં લોકોની ભાગીદારી સાંકળી લઈ જન ભાગીદારીથી આયોજન નકકી કરી લક્ષ્યાંકો સિધ્ધ કરવા હાંકલ કરી હતી.સુવર્ણ જયંતીના ઉજવણીના ભાગ રૂપે સંકલ્પ ધ્વારા સ્વવિકાસથી સમાજ અને રાજયના વિકાસનો ઉમદા હેતુ સાકાર કરવા તાલુકા શહેરી વિસ્તારો ગ્રામ્ય વિસ્તારોમાં આ રથ પસાર થશે. અને સંકલ્પ પત્રથી લોકોમાં જન જાગૃતિ પેદા થશે તેવી લાગણી પ્રગટ કરી હતી. આજના પ્રસંગના સુંદર આયોજન માટે વહીવટી તંત્ર તેમજ ચૂટાયેલી પાંખને અભિનંદન આપી ગુજરાતની તમામ નગરપાલિકા, જિલ્લા,તાલુકા કક્ષાએ આવા કાયક્રમોનું આયોજન કરવા આવાહન કર્યું હતું.

સમારંભના મુખ્ય મહેમાન મા. મંત્રીશ્રી મંગુભાઈ પટેલ,આદિજાતિ વિકાસ, વન અને પર્યાવરણ, પોતાના પ્રસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે" સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" યાત્રા ના ભવ્ય સ્વાગત અંગે નાગરિકોને અભિનંદન આપ્યા હતા. રાજયના ઔદ્યોગિક વિકાસ અને પ્રથમ નંબરનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે લોક ભાગીદારી ધ્વારા અનેક યોજનાઓ સાકાર કરવામાં આવેલ છે.રાષ્ટ્રીય પર્વ તથા અન્ય કાર્યક્રમોનું જન ભાગીદારીથી આયોજન કરી રાજયના જુદા જુદા વિસ્તારોમાં સફળતા પૂર્વક આયોજન કરવામાં આવેલ છે.રાજયના તમામ વિસ્તારોમાં સુવર્ણ જયંતી નિમિત્તે સંકલ્પ યાત્રા ફરી ઉદ્દેશ પૂર્તિ માટે પ્રયત્ન કરવામાં આવશે.રાજયની અનેક લોક ઉપયોગી યોજનાઓનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે આર્થિક રીતે નબળા વર્ગના લોકો આ યોજનાઓનો લાભ લઈ પોતાનો વિકાસ સાધી શકે. વિવિધ યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી તેનો લાભ મળે તેવા પ્રયત્ન કરવા જણાવ્યું હતું. સને ૨૦૧૦ સુધી ગુજરાતે અનેક ક્ષેત્રોમાં હરણફાળ ભરવાની છે. આ માટે આયોજન બધ્ધ વિકાસ બંદરોનો વિકાસ,પીવાના તથા સિંચાઈ માટે વિવિધ જળ યોજનાઓ સાકાર કરવા જણાવેલો છે. લોકોને કરકસર કરવા માટે જણાવતા તેમણે કહયું હતું કે પાણી અને વીજળીની બચત તે ઉત્પાદન બરાબર છે.કન્યા કેળવણી માટે યથાથ પ્રયત્ન કરી આ ક્ષેત્રમાં રાજય અવલ્લ નંબર મેળવે તે માટે પ્રયત્ન કરવા જણાવ્યું હતું. ભાર વગરનું ભણતર અંગે જણાવતા તેમણે કહયું હતું કે ટેકનીકલ મેડિકલ શિક્ષણક્ષેત્રે વિકાસ થયેલ છે. લોક ભાગીદારીથી શાળા –કોલેજો ઉભી કરવામાં આવી છે.સુરત શહેર ગુજરાતને પણ માર્ગદર્શન આપશે તેવી લાગણી વ્યકત કરી હતી.



**Continue ...**

''સમારંભના પ્રમુખશ્રી મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે ગુજરાત રાજયની સ્થાપનાના સુવર્ણ જયંતી વર્ષ ઉજવણીના ભાગ રૂપે આજ રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજન કરવામાં આવ્યું છે. મા. મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની પરીકલ્પના અનુસાર ગુજરાત રાજયએ કરેલ પ્રગતિ પ્રજા સમક્ષ મુકવાના ઉમદા આશયથી આ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. ગુજરાત રાજયનો અનેક ક્ષેત્રોમાં વિકાસ થયો છે.દેશના સમગ્ર મૂડી રોકાણનો મહત્તમ હિસ્સો ગુજરાત રાજયમાં છે. રાષ્ટ્રીય વીજ નિગમનું સફળતા પૂર્વક સંચાલન કરી વિકાસના પંથે મુકી નફો કરતું સાહસ બનાવ્યું છે. ભવિષ્યમાં વીજ ક્ષેત્રે સમગ્ર દેશમાં ગુજરાત રાજય પ્રથમ નંબરે હશે.આજ રીતે રાજયની પ્રજા પણ આગળ આવે તેવી મહેચ્છા વ્યકત કરી હતી. વિકાસ અને અન્ય બાબતમાં ગુજરાત રાજય અન્ય રાજય માટે ઉદાહરણ રૂપ બને તેવો પ્રયત્ન કરવા જણાવ્યું હતું.

ત્યારબાદ વિવિધ શાળાઓ તથા સંસ્થાઓ ધ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત વિવિધ કૃતિઓ રજૂકરી શ્રોતાઓના મનમોહી લીધા હતા.

સાંસ્કૃતિક કાર્યક્રમ બાદ મશાલ યાત્રા તથા ભવ્ય આતશબાજી પારસ પોલીસ ચોકી મેઈન રોડ વિસ્તારમાં કરવામાં આવી હતી.જેને વિશાળ સંખ્યામાં લોકોએ માણી હતી.

આ પ્રસંગે મંત્રીશ્રી, આદિજાતી વિકાસ, વન અને પર્યાવરણ, શ્રી મંગુભાઈ પટેલ, મા. મંત્રીશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબત,શ્રી નરોત્તમભાઈ પટેલ, સમારંભના પ્રમુખ મા. મેયરશ્રી, શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, ''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ''ના કન્વીનર અને મા. ધારાસભ્યશ્રી શ્રી નાનુભાઈ વાનાણી, તથા મા. ધારાસભ્યશ્રી, શ્રી કિશોરભાઈ વાંકાવાળા, , અતિથિવિશેષશ્રીઓ મા. ડે. મેયરશ્રી, શ્રીમતિ કૌશિકાબેન દેસાઈ, મા. અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ, શ્રી મુકેશભાઈ દલાલ, મા. નેતા શ્રી, શાસકપક્ષ,ડો.જગદીશભાઈ પટેલ, સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટ, ના પ્રમુખશ્રી,શ્રી મથુરભાઈ સવાણી,મ્યુ.કમિશનર કુ.એસ.અપર્ણા,કલેકટરશ્રી, શ્રી દિલીપભાઈ રાવલ વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ/કર્મચારીગણ તેમજ પત્રકારમિત્રો, મહાનુભાવો, તથા વિશાળ સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

# નોર્થ ઝોનની (કતારગામ) ની કામગીરી

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં, તા. ૦૮/૦૯/૨૦૦૮ નાં રોજ શહેર વિકાસ ખાતા/ દબાણ ખાતા ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

ટી.પી. સ્કીમ નં. ૨૪ (ટુંકી), ક્રિષ્ણા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટવાળી મિલ્કતમાં ચોથા માળે સ્લેબ ભરવાના ઈરાદે શરૂ કરેલ ૮૪૦ ચો.ફુટનું સેન્ટીંગ શટરીંગ સંપૂર્ણ દુર કરવામાં આવેલ છે. આ ડીમોલીશન કામગીરીના પેટે મિલ્કતદાર પાસેથી રૂા. ૫,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

TOP

## સાઉથ વેસ્ટ(અઠવા) ઝોનની કામગીરી

સાઉથ–વેસ્ટ(અઠવા) ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ નવા વિસ્તારો પૈકી ડુમસ ખાતે આવેલ વી.કે ફાર્મ પૈકીના સબ પ્લોટ નંબર : ૧૩ અજીતસિંગ તોતારામ જુનેજાએ સુરત મહાનગરપાલિકાની કોઈ પણ પ્રકારની પરવાનગી લીધા વગર માર્જીનવાળા ભાગમાં આશરે ૭૦૦ ચો.ફુટ માપમાં આર.સી.સી.ના બીમ, કોલમ તેમજ ચણતર દિવાલ લઈ પાકું બંગલાનું બાંધકામ કરવાના ઈરાદે લીટલ લેવલ સુધીનું બાંધકામ કરેલ. સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોન તરફથી સદરહુ બાંધકામ બંધ કરવા મનાઈ હુકમ આપવામાં આવેલ તેમજ સદરહું બાંધકામ તોડી કેમ નહી પાડવું તે અંગેનો ખુલાસો કરવા અંગે કારણદર્શક નોટીસ પણ આપવામાં આવેલ હતી. તેમ છતાં મજકુર ઈસમ તરફથી તે અંગે કોઈ પણ ખુલાસો રજુ ન કરતા સદરહુ બાંધકામ તોડી પાડવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૨૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આ ઉપરાંત સુરત ડુમસ રોડ ઉપર મગદલ્લા પોર્ટ તરફ જવાના જંકશન પાસે કેટલીક દુકાનદારો તરફથી લોખંડના તથા આર.સી.સી.ના પોલ ઉભા કરી તેના ઉપર પતરાં નાંખી શેડ બનાવવામાં આવેલ આવા કુલ– ૪ શેડનો અંદાજે ૮૦૦ ચો.ફુટના માપ વિસ્તારના શેડ દુર કરવામાં આવેલ છે. અને તે પેટે રૂા. ૨,૫૦૦/– વહીવટી ચાર્જ પણ વસુલ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત ઉધના–મગદલ્લા રોડ, અણુવ્રત ધ્વાર ભટાર ચાર રસ્તા તરફ જતા રસ્તા પર તેમજ સુરત મહાનગરપાલિકાના રીઝર્વેશન પ્લોટ માંથી કુલ–૩૦ કાચા ઝુંપડા દુર કરવામાં આવેલ છે. તેમજ ભંગારનું વજન કરવાનો વજનકાંટો નંગ –૧ જપ્ત કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી સાઉથ –વેસ્ટ (અઠવા) ઝોનનાં ટેકનીકલ સ્ટાફ, ૨૫ બેલદારો, ૧ જે.સી.બી., ૨ ટ્રક અને ૧૦ સીકયુરીટી સ્ટાફના સાથ સહકારથી હાથ ધરવામાં આવેલ હતી.

TOP

## સ્મીમેર હોસ્પિટલની ફેબ્રુઆરી માસની કામગીરી

સ્મીમેર હોસ્પિટલમાં ઓગષ્ટ માસ દરમ્યાન ૧૪૩૨૩ ઈન્ડોર તથા ૩૯૭૭૨ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૬૨૪ તથા ૪૮૬ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૫૮૫૪ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી. બી. ના નવા ૪૭૪ અને જુના ૩૨૯ દર્દીઓ સહીત કુલ–૮૦૩ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૮૦૮ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૧૪૪ તથા આંખ વિભાગમાં ૨૪૮૭ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ–૧૨૭૦૧ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## આકારણી અંગે

સુરત મહાનગરપાલિકા ધ્વારા ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન એટલે કે તા.૧/૪/૨૦૦૮ થી એરિયા બેઈઝડ આકારણીની પધ્ધતિ દાખલ કરવામાં આવી છે. જે બાબતે શહેરીજનોમાં દ્વિધા જણાયેલ છે. જેથી નાગરિકોને સ્પષ્ટતા કરવા માટે નીચે મુજબની વિગતો રજુ કરવામાં આવે છે.

મહાનગરપાલિકાનો સમગ્ર વહીવટ સને૧૯૪૯ ના મુંબઈ પ્રાંતિય મહાનગરપાલિકાઓના અધિનિયમ મુજબની જોગવાઈઓ મુજબ હાથ ધરવામાં આવે છે.

સરકારશ્રી ધ્વારા સને ૧૯૪૯ ના મુંબઈ પ્રાંતિય મહાનગરપાલિકાઓના અધિનિયમમાં વર્ષ ૧૯૯૯ માં સુધારો કરી મિલ્કતવેરાની આકારણીની પધ્ધતિમાં સુધારો કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા ધ્વારા એરિયા બેઈઝડ આકારણીની પધ્ધતિ દાખલ કરવાનો સૈધ્ધાંતિક નિર્ણય તા.૧૫/૨/૨૦૦૭ ના સામાન્ય સભાના ઠરાવ નં. ૭૯/૨૦૦૭ થી લેવામાં આવેલ છે.

સને ૨૦૦૮–૦૯ ના વર્ષથી એટલે કે તા.૧/૪/૨૦૦૮ થી માત્ર તેનો અમલ કરવાનો રહે છે.

અમદાવાદ મહાનગરપાલિકામાં સને ૨૦૦૧ થી અને વડોદરા મહાનગરપાલિકામાં સને ૨૦૦૫ થી એરિયા બેઈઝડ આકારણી પધ્ધતિ અમલમાં મુકવામાં આવી છે.

સરકારશ્રીની વધદગચો યોજના હેઠળ દરેક શહેરમાં યુનિટ રેઈટ એરિયા પધ્ધતિ સુધારણાના ભાગરૂપે દાખલ કરવાની રહે છે. જે અન્વયે સુરત મહાનગરપાલિકાએ પણ તા.૧/૪/૨૦૦૮ થી આ પધ્ધતિ અમલમાં મુકી છે.

અમદાવાદ, વડોદરા અને સુરત ધ્વારા એરિયા બેઈઝડ પધ્ધતિની સરખામણી નીચે મુજબ છે.

| | | **અમદાવાદ** | **વડોદરા** | **સુરત** |
|---|---|---|---|---|
| **વેરાનો દર (પ્રતિ ચો.મી.)** | રહેઠાણ<br>બિન રહેઠાણ | રૂા.૧૦/–<br>રૂા.૨૨/– | રૂા.૧૧/–<br>રૂા.૨૬/– | રૂા.૧૦/–<br>રૂા.૨૦/– |
| **કોમર્શીયલ** | દુકાન (ફેકટર વેલ્યુ) | ૬ | ૨.૭૫ | ૩.૫૦ |
| | બેન્ક(ફેકટર વેલ્યુ) | ૭ | ૨.૭૫ | ૩.૫૦ |
| **ભોગવટાનો પ્રકાર (ફેકટર વેલ્યુ)** | રહેઠાણ(ભાડુઆત) | ૨ | ૧.૫૦ | ૧.૦૦ |
| | બિન રહેઠાણ(ભાડુઆત) | ૨ | ૨ | ૧.૫૦<br>(માત્ર કોમર્શીયલમાં ) |

ઉપર જણાવ્યા મુજબ સુરત મહાનગરપાલિકામાં રહેઠાણ અને બિન રહેઠાણવાળી મિલ્કતમાં કાયદા ધ્વારા નકકી કરવામાં આવેલ લઘુત્તમ દર (મીનીમમ) લાગુ પાડવામાં આવેલ છે, જયારે બિન રહેઠાણવાળી મિલ્કતમાં અમદાવાદ મહાનગરપાલિકામાં જે ફેકટર વેલ્યુ નકકી કરવામાં આવેલ છે તેની સરખામણીમાં સુરત મહાનગરપાલિકામાં લગભગ ૫૦% ઓછી ફેકટર વેલ્યુ મુકવામાં આવી છે. તેમ છતાં ખાસ કરીને કોટ વિસ્તારમાં આવેલ મિલ્કતો એટલે કે સેન્ટ્રલ ઝોનની મિલ્કતો પૈકી જુની મિલ્કતોમાં વેરા વધારાનુ પ્રમાણ મિલ્કતના એરિયાના પ્રમાણમાં વધે છે. આ અગાઉ જુની મિલ્કતો લગભગ લઘુત્તમ કર (મીનીમમ) વેરો ભરતા હતા જેને નવી આકારણીની પધ્ધતિમાં એરિયાના આધારે વેરો ભરવાનો થશે.

તાજેતરમાં પ્રસિધ્ધ થયેલ સમાચારો પૈકી ઉદાહરણ રૂપે અને સ્પષ્ટતા ખાતર ખરી હકીકતની વિગતો નીચે મુજબ છે.

**Continue ...**

૧. સમાચારમાં મોહનભાઈ વિરજીભાઈના નામે આપેલ મિલ્કત કે જે આકારણી દફતરે મોહનભાઈ વીજુભાઈના નામે દાખલ છે. તેમાં જુનો વેરો રૂા.૬૯૪/– હતો. જે નવી પધ્ધતિ મુજબ રૂા.૧૧૮૯૮/– ગણાયેલ. જેમાં અરજદારની રજુઆત અને સ્થળ તપાસ બાદ સદરહુ મિલ્કત કોમર્શીયલ તરીકે દાખલ કરવામાં આવેલ. હકીકતમાં તેવી મિલ્કતમાં મીલ વીવીંગ હોય કોડીંગમાં ફેરફાર કરી ઈન્ડસ્ટ્રીયલ કોડમાં ગણતા તેનો વેરો ઘટીને રૂા.૮૩૩૫/– થાય છે.

૨. આ ઉપરાંત સમાચારમાં મીનાબેન સતીષભાઈના નામે આપેલ મિલ્કત કે જે આકારણી દફતરે ડાહયાભાઈ દેવચંદભાઈના નામે દાખલ છે. તેમાં જુનો વેરો રૂા.૭૩૬/– હતો. જે નવી પધ્ધતિ મુજબ રૂા.૩૨૬૬/– ગણાયેલ. જેમાં મિલ્કતદારની રજુઆત અને સ્થળ તપાસ બાદ સદરહુ મિલ્કત કોમર્શીયલ તરીકે દાખલ કરવામાં આવેલ. હકીકતમાં તેવી મિલ્કતમાં મીલ વીવીંગ હોય કોડીંગમાં ફેરફાર કરી ઈન્ડસ્ટ્રીયલ કોડમાં ગણતા તેનો વેરો ઘટીને રૂા.૨૨૦૪/– થાય છે.

૩. આ ઉપરાંત સમાચારમાં ભુપેન્દ્ર જરીવાળાના નામે આપેલ મિલ્કત કે જે આકારણી દફતરે ભુપેન્દ્રભાઈ દેવચંદભાઈ જરીવાળા તથા બીજાના નામે દાખલ છે. તેમાં જુનો વેરો રૂા.૧૨૨૮/– હતો. જે નવી પધ્ધતિ મુજબ રૂા.૨૬૬૩૭/– ગણાયેલ. જેમાં કરદાતાની રજુઆત અને સ્થળ તપાસ બાદ સદરહુ મિલ્કત કોમર્શીયલ તરીકે દાખલ કરવામાં આવેલ. હકીકતમાં તેવી મિલ્કત પણ મીલ વીવીંગ હોય કોડીંગમાં ફેરફાર કરી ઈન્ડસ્ટ્રીયલ કોડમાં ગણતા તેનો વેરો ઘટીને રૂા.૯૧૩૨/– થાય છે.

આમ જે કિસ્સામાં વેરો વધારો થયેલ છે તેમાં ચકાસણી બાદ વેરો ઘટી શકે છે. જેથી જે કિસ્સામાં મિલ્કતદારોને ખાસ નોટીસ મળી ગઈ હોય તો તેવા કિસ્સામાં કરદાતા ઉપર જણાવ્યા મુજબ સાદા કાગળ ઉપર પણ અરજી કરી શકે છે. આ સિવાય જે કિસ્સામાં ખાસ નોટીસ ન મળી હોય તેવા મિલ્કતદ ારો પણ પોતાની મિલ્કત અંગે થયેલ નોંધ જે તે ઝોનમાં આવેલ આકારણી વિભાગમાં એસેસમેન્ટ રજીસ્ટર ઉપરથી જાણી શકે છે. આ માટે દરેક ઝોનમાં અલાયદી વ્યવસ્થા રાખવામાં આવી છે.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા મચ્છરજન્ય રોગો વિષયક નિબંધ સ્પર્ધા, કવીઝ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન

સરકારશ્રી દ્વારા આ વર્ષે જુન માસને "મેલેરીયા વિરોધી માસ" તરીકે ઉજવવા નકકી કરેલ હોય, સુરત મહાનગરપાલિકા દ્વારા સદર ઝુંબેશને સફળ બનાવવા વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો કરવામાં આવેલ હતા. આજનો વિદ્યાર્થી આવતી કાલનું ભવિષ્ય હોય, મચ્છરજન્ય રોગ નિયંત્રણ કામગીરીમાં તેઓને સહભાગી બનાવવા શહેરની ખાનગી અને નગર પ્રાથમિકની કુલ ૧૧૯ સ્કૂલો મળી ૧૨૩૭ વિદ્યાર્થીઓના સહયોગથી સુરત મહાનગરપાલિકા દ્વારા મચ્છરજન્ય રોગો વિષયક નિબંધ સ્પર્ધા, કવીઝ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધા રાખવામાં આવેલ.

તા.૮–૯–૨૦૦૮ નાં રોજ સરદાર વલ્લભભાઈ સભા ખંડ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત ખાતે સદર સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તે માટે ઈનામ વિતરણ કાર્યક્રમ મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાળાના અધ્યક્ષસ્થાને રાખવામાં આવેલ હતો. સદર કાર્યક્રમમાં ડેપ્યુટી મેયર શ્રીમતી કૌશિકાબેન દેસાઈ, સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રી મુકેશભાઈ દલાલ, આરોગ્ય સમિતિના અધ્યક્ષ શ્રી જયપ્રકાશભાઈ શાહ, હોસ્પિટલ અને રૂગ્ણાલય સમિતિના અધ્યક્ષ શ્રી પિયુષભાઈ શિવશકિતવાળા, સુરત મહાનગરપાલિકાનાં કમિશ્નર કુ.એસ.અપર્ણા, ડેપ્યુટી કમિશ્નર(હે. અને હો.) ડો.આઈ.સી.પટેલ, આરોગ્ય અધિકારી ડો.હેમંતભાઈ દેસાઈ, તમામ નાયબ આરોગ્ય અધિકારી, ઈ.ચા.જંતુનાશક અધિકારી ડો.કે.જી.વૈષ્ણવ, આસી.જંતુનાશક અધિકારીઓ તથા વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહેલ હતા. કાર્યક્રમની શરૂઆત મા.મેયરશ્રી દ્વારા દિપ પ્રગટાવીને કરવામાં આવી, ત્યાર બાદ પ્રાર્થના કરવામાં આવેલ અને આમંત્રિત મહેમાનોનું શબ્દોથી સ્વાગત ડો.આઈ.સી.પટેલ દ્વારા કરવામાં આવેલ અને તમામ આમંત્રિત મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું.

દિપ પ્રાગટય બાદ નિબંધ સ્પર્ધા, કવીઝ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધામાં પ્રથમ, દ્વિતિય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું, અને ૮ જેટલા આશ્વાસન ઈનામો આપવામાં આવ્યા. નિબંધ સ્પર્ધામાં પ્રથમ ક્રમે આવેલ ડી.આર.રાણા સ્કૂલનો વિદ્યાર્થી સીણોલ વિરેન્દ્ર કેસરીસિંગ, કવીઝ સ્પર્ધામાં પ્રથમ ક્રમે આવેલ સાધના વિદ્યાભવનની વિદ્યાર્થીની ખેની આરઝુ અશોકભાઈ અને ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમે આવેલ એલ.પી. સવાણી સ્કૂલનો વિદ્યાર્થી પંડયા પ્રિયેશ નરેન્દ્રભાઈને પ્રથમ પારીતોષિક આપવામાં આવેલ. પ્રાસંગિક પ્રવચન આરોગ્ય સમિતિના અધ્યક્ષ શ્રી જયપ્રકાશભાઈ શાહ, રૂગ્ણાલય અને હોસ્પિટલ સમિતિના અધ્યક્ષ શ્રી પિયુષભાઈ શિવશકિતવાલા અને ડેપ્યુટી મેયર શ્રીમતી કૌશિકાબેન દેસાઈએ કરેલ. તેમાં તેઓએ જણાવ્યું હતું કે, સુરત મહાનગરપાલિકા દ્વારા ચોમાસા દરમ્યાન જે મેલેરીયા વિરોધી ઝુંબેશ કરવામાં આવે છે, તે ઝુંબેશમાં વિદ્યાર્થીઓ પણ સહભાગી બનેલ છે, અને તેમણે મેલેરીયા અંગેનાં નિબંધ, કવીઝ અને ચિત્રમાં સારો પ્રતિભાવ આપેલ છે, અને પોતાની સ્વાસ્થ્યની જાગૃતતા અંગે જણાવેલ છે. વિવિધ શાળાના આચાર્યો દ્વારા રચનાત્મક સુચનો કરવામાં આવેલ.

મા.મેયરશ્રીએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે, નાના બાળકોની જે સ્પર્ધા કરવમાં આવે છે, તે ખૂબ જ સારી વાત છે, અને તેમાં વિજેતા થયેલ વિદ્યાર્થીને સાથે રાખીને જો ફિલ્ડ વર્ક કરવામાં આવે તો નાનુ બાળક પણ પોતાની રીતે અન્યને રૂબરૂ પણ સમજાવી શકે. નાનપણથી જ જો આવી સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો આગળ જતાં તેઓ આરોગ્યલક્ષી કાર્યમાં સારી સમજદારી બતાવી શકે.

કાર્યક્રમનાં અંતે આભાર વિધી ઈ.ચા.જંતુનાશક અધિકારી ડો.કે.જી.વૈષ્ણવ દ્વારા કરવામાં આવી. તેમણે જણાવ્યું કે, મચ્છરજન્ય રોગના નિયંત્રણ માટે સ્પર્ધામાં ભાગ લીધેલ દરેક સ્કૂલનાં આચાર્યશ્રી, શિક્ષકો તથા વિદ્યાર્થીઓનો સુરત મહાનગરપાલિકા હદયપૂર્વક આભાર માને છે, તથા ભવિષ્યમાં પણ અમોને આ જ રીતનો સહકાર મળે એવી અપેક્ષા રાખીએ છીએ.

TOP